# ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો...



**શત શત શગની દીવડી રંગ માંડવડી**
**માનો બાજઠ રતન જડેલ...**
**હો રંગ માંડવડી**
**શત શત શગની આરતી રે રંગ રંગ માંડવડી**

નવરાત્રિમાં આદ્યશક્તિની પૂજા અર્ચના ખૂબ સાજ-સજાવટ સાથે થતી હોય છે. ખાસ તો માતાજીના ગરબાની સ્થાપના તથા આરતીની થાળીની સજાવટ સ્ત્રીઓ શ્રદ્ધાપૂર્વક વિવિધ રીતે કરતી હોય છે. નોરતાંમાં ઘણી જગ્યાએ આરતીની થાળી સજાવટની સ્પર્ધાઓ થતી હોય છે જેના માટે સ્ત્રીઓમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે. હવે જ્યારે ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો ત્રિવેણીસંગમ થાય ત્યારે એ સજાવટ જોવા જેવી જ થવાની ને?! અહીં કેટલીક અવનવી રીતો આપી છે જેનાથી તમે પણ તમારી આરતીની થાળીને કંઇક ખાસ રીતે સજાવી શકશો.

## ફેબ્રિક કલર કે ઓઇલ પેઇન્ટની સજાવટ



## ફૂલ અને નેટની સજાવટ



તમારે ફટાફટ થાળી સજાવવી હોય ફૂલ કરતાં સારો વિકલ્પ ભાગ્યે જ મળશે. અલગ અલગ રંગના ગલગોટા, ગુલાબ, રજનીગંધા, આસોપાલવનાં પાનના ઉપયોગથી સરસ રીતે આરતીની થાળી સજાવી શકો છો. પહેલાં છાબને ઊંધી કરીને ગોલ્ડન કે સિલ્વર



**ગરબે રમવા આવો માતા જોઉં તમારી વાટ રે,**
**ઢોલ-નગારાં વાગી રહ્યાં ને નાચે નર ને નાર રે...**



# ઢોલીડાના તાલે ઝૂમવા આતુર ખેલૈયા

**ડી. જે. ગરબામાં પરંપરાગત ગરબા, ગુજરાતી ગીતોની સાથે સાથે હિન્દી ફિલ્મોના ગીતોના રિમિક્સે આ વખતે માઝા મૂકી છે. આ વખતે 'સિંઘમ', 'મેરે બ્રધર કી દુલ્હન', પટિયાલા હાઉસના 'લોંગ દા લશ્કારા..,' અને રેડીના ઢીંકાચિકા...જેવા ગીતો સાથે ડી.જે. ગરબા ધૂમ મચાવશે**

નવરાત્રિ આવતા આવતા તો બે તાલ ને ત્રણ તાલની ધૂને પગ થીરકવા જ માંડતા હોય છે. કારણ કે તે આપણું પારંપારિક નૃત્ય છે, બદલાતા સમય સાથે બે તાલ , ત્રણ તાલ, હીંચ અને દોઢિયા કે પોપટિયાથી આગળ વધીને યુવા ખેલૈયાઓ ગરબામાં નવી ને નવી સ્ટાઇલ શીખવા માટે ઉત્સાહી જોવા મળે છે.

ગરબાપ્રેમીઓના આ શોખને જ કારણે હવે ગુજરાતનાં શહેરોમાં પ્રોફેશનલ ગરબા ક્લાસીસની સંખ્યા વધી છે. તેમાં ડી.જે ગરબા પણ ખરા. ગરબા રમવાના શોખીનો ક્લાસીસમાં જઈને ગરબાના સરસ સ્ટેપ્સ શીખે છે હવે ડાન્સ તથા ગરબાના જદા બાપાના પોરિયાંનાં ગીતોની ધૂન પર નાચવાનું અને ગરબા રમવાનું પસંદ કરે છે. આ ઉપરાંત ઝૂલણ, ઇન્ડો વેસ્ટર્ન, કચ્છી સ્ટાઇલ, પંજાબી, રાજસ્થાની સ્ટાઇલ પણ ગરબા માટે કરવામાં આવે છે.

દોઢિયામાં કે ઘૂમર સ્ટાઇલ કરવા માટે યુવતીઓ ખાસ ઘેરદાર ચણિયા અને યુવકો ચપટીઓવાળાં કેડિયાં પહેરે છે તેના લીધે ગરબાની સ્ટાઇલ જોવામાં ખૂબ જ સરસ લાગે છે.

સળંગ પાંચ કે છ મિનિટ સુધી કે એથી વધારે સમય લયબદ્ધ રીતે ચાલી શકે તેવા ગરબાના સ્ટેપ્સ પણ ગરબા